# સ્કૂલ કોલેજ લેવલના સાયન્સ પ્રોજેક્ટ અને રિસર્ચને પ્રાધાન્ય આપવું જોઈએ



આ ઈઆઈટી ગાંધીનગર ખાતે ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીની ૮૪મી એનિવર્સરીની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૨૦૦ની સંખ્યામાં આઈએનએસએના ફેલો, સાયન્સટિસ્ટ, એન્જિનિયર્સ અને યુવાનો જોડાયા હતા. કાર્યક્રમમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈમોનોલોજીના પૂર્વ ડિરેક્ટર ડૉ. ચંદ્રિમા શાહાએ કહ્યું કે, આજના યુવાનો સાચી દિશામાં આગળ વધે તો દેશમાં ટેકનોલોજીની બાબતમાં ક્રાંતિ સર્જી શકાય. ઉપરાંત સ્કૂલ કોલેજ લેવલે થતા પ્રોજેક્ટ રિસર્ચને પ્રાધાન્ય આપવું જોઈએ. જેથી યુવાઓમાં સાયન્સ પ્રત્યે જુસ્સો લાવી શકાય.

## સાયન્સ એજ્યુકેશન અને રિસર્ચમાં ઘણી અસમાનતા

સાયન્સ એજ્યુકેશન અને રિસર્ચમાં ઘણી વખત સમાનતાનો અભાવ જોવા મળે છે. મોટા ઓર્ગેનાઈઝેશનમાં પણ જેન્ડર સમાનતા વિશે જુદા વિચારો જોવા મળે છે. જેના કારણે ઘણી વખત સાયન્સને સારા રિસર્ચની ખોટ પડે છે. ઉપરાંત આવા ચેલેન્જિસનો સામનો કરવા માટે ઓર્ગેનાઈઝેશને પોતાના એથિક્સને વળગીને રહેવું જોઈએ. - જે.પી. મિત્તલ, ભાભા ઓટોમિક રિસર્ચ સેન્ટર

## પાણીની સમસ્યાને પહોંચી વળવા રિસર્ચ અને સંશોધન એક માત્ર રસ્તો છે

વર્તમાન સયમમાં કેમિકલ યુક્ત પ્રદૂષણ વધતા નદીઓના પાણી ખરાબ થયા છે, જેના કારણે નદીના પાણીનો ઉપયોગ પીવામાં કે સિંચાઈમાં કરવો અશક્ય છે. નદીના પાણીનો ઉપયોગ કરવા માટે તે દિશામાં રિસર્ચ અને સંશોધનો થવા જોઈએ. ઉપરાંત કૃષિમાં પાણીના ઉપયોગ બાબતે પણ નવી ટેકનોલોજીનો ઉમેરો થવો જોઈએ. કારણ કે, પાણીની સમસ્યાને પહોંચી વળવા રિસર્ચ અને સંશોધન એક માત્ર રસ્તો છે. - પ્રો. આર.એન. સિંઘ, આઇઆઇટી ગાંધીનગર






**Title:** School level science projects and research should be given priority
**Source:** Gujarat Samachar (Plus, Pg. No. 01)
**Link:** http://gujaratsamacharepaper.com/nd/gsnews2.php?pageid=GUJARAT_GSP_20181231_1
**Date:** 31-12-2018